# ગાંધીનગર પાસે ૧૦૦ બેડની મલ્ટી સ્પે. ગોએન્કા હોસ્પિટલનો પ્રારંભ

અમદાવાદ, તા. ૨૨

ગાંધીનગરના શહેરીજનો તેમજ આસપાસના ગ્રામીણ લોકોને અધ્યતન તબીબી સુવિધાઓ પુરી પાડવા કરોડોના ખર્ચે પેથાપુર-મહુડી રોડ પર મલ્ટી સ્પેશીયાલીટી ગોએન્કા હોસ્પિટલની સ્થાપના કરવામાં આવી છે.

આઈસીયુ તથા ઈસીજી ઓન વ્હીલ્સની સુવિધા ધરાવતી આ હોસ્પિટલમાં ૧૦૦ પથારીની વ્યવસ્થા છે. અન્ય હોસ્પિટલો કરતાં સસ્તા દરે સર્જરી સહિત તમામ આરોગ્ય સુવિધા પુરી પાડતી આ હોસિપ્ટલના ઉદ્‌ઘાટનની આજે ઘોષણા કરવામાં આવી હતી. જેને અનુલક્ષી યોજાયેલ પરિષદમાં હોસ્પિટલના અધ્યક્ષ અપૂર્વ ગોએન્કાએ જણાવ્યું હતું કે હોસ્પિટલમાં લોહીના સ્ટોરેજની પણ સુવિધા છે. જે ગાંધીનગરમાં પ્રથમ વખત શરૂ થયેલી સુવિધા છે.

ઉપરાંત અત્યાધુનિક ઉપકરણો જેવા કે કલરડોપલર રડીઈકો, કોમ્પ્યુટરરાઈઝ એક્સ-રે, અલ્ટ્રાસાઉન્ડ અને ઈન હાઉસ લેબોરેટરની સુવિધા છે. જેમાં ઉચ્ચ કક્ષાના રક્ત પરીક્ષણ માટે પેથોલજી, માઈક્રોબાયોલોજી, હીસ્ટોપેથોલોજી અને ઈમ્યુનોલોજીનો સમાવેશ થાય છે.

દરમિયાન હોસિપ્ટલ અંગે વધુમાં ડો. દિવ્યેશ ગુપ્તાએ જણાવ્યું હતું કે હોસ્પિટલમાં બે પ્રકારના આઈસીયુ છે, જેમાં એક સર્જીકલ અને બીજુ મેડિકલ આઈસીયુ છે.

ગોએન્કા હોસ્પિટલના એક્ઝીક્યુટિવ ડિરેક્ટર શ્રી એન. કુમારસ્વામીએ કહ્યું હતું કે હોસ્પિટલમાં ઈમર્જન્સી ડિપાર્ટમેન્ટ ૪ કેઝ્યુલીટી પથારી ધરાવે છે. ૩૬૫ દિવસ તે કાર્યરત હોય છે. તેનો સ્ટાફ તાલિમબદ્ધ અને ઉપકરણોથી સજ્જ રહીને કોઈપણ મેડીકલ ઈમર્જન્સી માટે તૈયાર રહે છે. ઓપરેશન થિયેટર પણ વોર્ડની અંદર બનાવાયેલ છે જેથી તાત્કાલિક સર્જરી વેળાએ સમયનો સહેજ પણ બગાડ થતો નથી.

સામાન્ય એમ્બ્યુલન્સ ઉપરાંત અહીં આઈસીયુ ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સની પણ સુવિધા છે. જેમાં પણ ટેલીમેડિસીનની સુવિધા પણ છે. તેના દ્વારા અમે એમ્બ્યુલન્સમાં જ પ્રાથમિક સારવાર આપી શકીએ છીએ. જેથી કટોકટીપૂર્ણ સ્થિતિ ધરાવતા દર્દીને રાહત મળી શકે છે. આ ઉપરાંત એમ્બ્યુલન્સમાં રહેલ ડૉક્ટરે હોસ્પિટલમાં બેઠેલા ડૉક્ટરને સમયસર માહિતી આપી શકે છે.